ગાંધીનગર સમાચાર

ચિલોડા-નરોડા-દહેગામ માર્ગને પહોળો કરવા ૪ હજાર વૃક્ષો કપાશે

# જિલ્લામાં બીજા તબક્કાની પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપ તરફી વિજયના દાવાઓ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં પંચાયતોની બીજા તબક્કાની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસના વિજય રથને ભાજપે અસામાન્ય આંચકા આપ્યા છે. જો કે કોંગ્રેસે ૮૯માંથી ૬૦ પંચાયતો કબ્જે કરી હોવાનો દાવો કર્યો છે.

આજે જિલ્લાના કલોલ અને માણસા ખાતે સવારે ૯ વાગે મતગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવ્યુ હતુ અને બપોર સુધીમાં તમામ પરિણામો જાહેર થઈ ગયા હતા. જિલ્લામાં બીજા તબક્કાની ચૂંટણીમાં ૧૨ ગ્રામ પંચાયતો સમરસ બની હતી જ્યારે ૪ પંચાયતો અંશતઃ સમરસ બની હતી.

પરિણામો જાહેર થતાં જ વિજયી ઉમેદવારોના શુભેચ્છકોએ ગુલાલ ઉડાડી અને પોતાના પ્રતિનિધિઓને આવકાર્યા હતા તેમજ ઝિંદાબાદના નારાઓથી વાતાવરણ ગજવી દીધુ હતુ.

**કોંગ્રેસના આગેવાનો જ ૩૦ પંચાયતોમાં ભાજપ સમર્થિત બની હોવાનો એકરાર કરે છે**

કલોલ તાલુકામાં સાંતેજમાં જે જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરનો ગઢ છે ત્યાં રામાજી સમર્થક ઉમેદવારનો ૬૧ મતથી પરાજય થતાં કોંગી આગેવાનોમાં નિરાશા પ્રસરી જવા પામી હતી. જો કે બોરીસણામાં કોંગ્રેસે ભવ્ય વિજય હાંસલ કર્યો હતો.

નારદીપુરમાં ભાજપ તરફી પેનલ તો પલિયડમાં કોંગ્રેસ તરફી પેનલ વિજયી બની હતી.

માણસામાં કોંગ્રેસને પણ એક-બે મોટા આંચકા પરિણામોથી પ્રાપ્ત થયાના અહેવાલો છે. આજે મતગણતરી શાંતિપૂર્ણ વાતાવરમણાં સંપન્ન થઈ હતી. વિજયી ઉમેદવારોના વિજયી સરઘસો પણ જે તે ગામે સંપન્ન થયા હોવાના અહેવાલો છે.

જિલ્લામાં પહેલી પંચાયતોની ચૂંટણીમાં કોંગ્રેસ સમર્થિત આગેવાનોની મોટી સંખ્યામાં જીત થઈ હતી જો કે બીજા તબક્કાની સામાન્ય ચૂંટણીમાં ભાજપે તેના સમર્થિત ઉમેદવારોથી પંચાયતો પર કબ્જો મેળવ્યો હોવાનો દાવો કર્યો છે.



એક જમાનામાં આકર્ષણનુ કેન્દ્ર સ્થાન મનાતા ચ -૫ ના રંગબેરંગી ફુવારા નિહાળવા ગરમીના દિવસોમાં નાગરિકોની ભીડ જામતી હતી. જયારે આજે પણ રાત્રિના સમયે ફુવારની ઠંડી વાંછટ અનુભવતા નગરજનો માટે ચ-૫ નુ સર્કલ ચહીતુ છે. પરંતુ આકરી ગરમીમાં દિવસ દરમિયાન પણ ફુવારો ચાલુ રહેતા પાણીનો બગાડ થતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

# આવતીકાલે સંસ્કારધામ ખાતે ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ માટે ચિંતન શિબિર

**શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષા પૂર્વે યોજાયેલ આ આત્મચિંતન શિબિરમાં શિક્ષણમંત્રી હાજર રહેશે**

ગાંધીનગર, તા. ૧૧

આગામી ૧૩મી એપ્રિલે અમદાવાદના સંસ્કારધામ ગોધાવી, તા. સાણંદ ખાતે પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે આત્મચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતને ચાર ઝોનમાં વહેંચી અને ઝોન કક્ષાએ ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ એક સામૂહિક જવાબદારી વિષય પર આત્મચિંતન શિબિરનું આયોજન કરાયું છે.

આ આત્મચિંતન શિબિરમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેનાર છે.

આ આત્મચિંતન શિબિરમાં ચાર કાર્યજૂથોની રચના કરી અને તેના પર ચિંતન કરાશે. આ માટેના વિષયો નક્કી કરવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આ આત્મચિંતન શિબિરમાં ગાંધીનગર જિલ્લાના ૧૦૦ જેટલા શિક્ષકો ભાગ લેશે તેમ જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૯માં ઘ-કક્ષાના મકાનો પણ ખંડેર હાલતમાં

**નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ નવા મકાનો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ પરંતુ આવાસોના મજબુતીકરણની કામગીરીના નામે મીંડુ**

ગાંધીનગર તા ૧૧

શહેરના સેકટરોમાં સ્થિત સરકારી આવાસો દિનપ્રતિદિન ખંડેર બનતા જાય છે. સેકટરોમાં એકબાજુ નવા આવાસો બાંધવા માટેનુ કામ ચાલી રહયુ છે. ત્યારે દાયકાઓ જુના આવાસોની દરકાર લેવાનુ તદન વિસરાઈ ગયુ છે. સે-૨૯ માં ઘ ટાઈપના



બ્લોક પણ કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. તંત્રના ચોપડે સરકારી આવાસો માટેની પ્રતિક્ષા યાદી મોટી છે. ત્યારે સરકારી આવાસોની આ દશા જોઈને કર્મચારીઓનુ મોં વંકાય છે. આવાસોના રીનોવેશનની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે.

શહેરમાં સરકારી આવાસો જાળવણીના અભાવે હવે સદંતર

● અનુસંધાન પાન-૭ પર

# આદિવાડામાં અઢી દાયકા બાદ અડધા કરોડના ખર્ચે ગટરલાઈન અપગ્રેડ કરાશે

**૫૪ લાખના ખર્ચે ગટર લાઇનનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૧

આદિવાડામાં ગટરોની સમસ્યાને ડામવા માટે ગટરલાઈન અપગ્રેડ કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૪ લાખનો ખર્ચ કરવામાં આવશે. ગટરલાઈનના કામ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં કામ શરૂ કરી દેવાશે.

શહેરના જી આઈ ડી સી વિસ્તાર તેમજ આદિવાડા ગામમાં ગટરલાઈનની સમસ્યાને અનુલક્ષી તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી ગ માર્ગને જોડાણ કરવા માટે લાઈનનુ કામ હાથ ધરાયુ છે. ગટરલાઈનનુ ભારણ ઘટાડવા માટે તંત્ર દ્વારા આ વિસ્તારની લાઈનનુ જોડાણ ગ માર્ગ સાથે કરવામાં આવી રહયુ છે. જયારે શહેરના ગામોમાં પણ હજુ ગટર લાઈનની પર્યાપ્ત સુવિધાનો અભાવ વર્તાય છે. શહેરી વિસ્તારમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થઈ ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે આદિવાડા ગામમાં વર્ષ ૧૯૯૦ના દાયકામાં ગટર લાઈનનુ કામ હાથ ધરાયુ હતુ જયારે હાલની સ્થિતિએ વધતી વસતી અને વિકાસના લીધે ઉપલબ્ધ લાઈન પર્યાપ્ત ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. જેના પરિણામે ગામમાં વારંવાર ગટરો ઉભરાવાની સમસ્યા વધી છે. જેના પરિણામે સ્થાનિકો પરેશાન થઈ ગયા છે. નવી લાઈનની કામગીરીના અંતે પણ ગટરલાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા આદિવાડામાં ગટર લાઈનનુ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આ માટે તંત્ર કક્ષાએથી કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. ગામમાં ગટર લાઈનની સુધારણા માટે અંદાજિત રૂ ૫૪ લાખનો ખર્ચ કરવામાં આવશે. જેના લીધે આગામી દિવસોમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો હલ આવશે. તંત્ર દ્વારા આ મામલે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટેન્ડર પ્રક્રીયાના અંતે ટુંકમાં કામ હાથ ધરાશે.

# મેયર પ્રવિણભાઈ પટેલના માતુશ્રી મંગુબેનનું અવસાન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલના માતુશ્રી મંગુબેન ડાહ્યાભાઈ પટેલનું ગઈ મોડી રાત્રે દુઃખદ અવસાન થયુ છે.

ગઈકાલે તેમને સારવાર માટે ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા અને સારવાર દરમ્યાન જ તેમનું દુઃખદ અવસાન થયુ છે.



સ્વ.ની અંતિમયાત્રા પ્રવિણભાઈના ભાઈ જે સેક્ટર-૮માં રહે છે તેમના નિવાસસ્થાનેથી નીકળી હતી અને સે. ૩૦માં મુક્તિધામ ખાતે પહોંચી હતી. જ્યાં તેમના પુત્રો અને પ્રપૌત્રોએ મુખાગ્નિ આપ્યો હતો. તેમના પાર્થિવ શરીરને ૧૦૦ કિલો જેટલુ ચંદનનું લાકડામાં મુખાગ્નિ અપાયો હતો.

સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં કાઉન્સીલરો, રાયસણ ગામના આગેવાનો, વેપારી આગેવાનો, અધિકારીઓ તેમજ કર્મચારી આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું રવિવારે પ્રવિણભાઈના વતન રાયસણ ખાતે રાખવામાં આવ્યું છે. સ્વર્ગસ્થ મંગુબેને તેમના મિલનસાર સ્વભાવથી એક આગવી ઓળખ સમાજમાં ઉભી કરી હતી. તેઓ શિક્ષણ સાથે સ્વચ્છતાના અતિ આગ્રહી હતા.

# મનપાની ૧૫મીએ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી સામાન્ય સભા શનિવારે ૧૧.૩૦ કલાકે મનપાના સભાખંડમાં યોજાશે.

આ સામાન્ય સભામાં કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવા ઉપરાંત ઓનલાઈન પોર્ટલની મદદથી એડવાન્સ મિલ્કતવેરો ભરનારને વળતર આપવાને લઈ તેમજ રિક્રુટમેન્ટ રૂલ્સને બહાલી આપવા અંગે ચર્ચાઓ થશે. આ સામાન્ય સભા અંગે આમ તો બન્ને પક્ષોએ તેમની તૈયારીઓ આરંભી દીધી છે. જો કે કોંગ્રેસ ઓનલાઈન પોર્ટલથી પેમેન્ટ કરનારને પાંચ ટકા સુધી વળતર આપવાની વાતને વળગી રહેશે જ્યારે ભાજપે આ વળતર બે ટકા આપવાની જાહેરાત બજેટમાં જ કરી હતી. ચૂંટણીનું વર્ષ હોઈ આ જોગવાઈમાં ફેરફાર કરવામાં આવે તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.

# ચિલોડા-નરોડા-દહેગામ માર્ગને પહોળો કરવા ૪ હજાર વૃક્ષો કપાશે

**માર્ગ મકાન વિભાગે વનતંત્રને રૂ ૯૪ લાખનુ વળતર ચુકવ્યુ**

ગાંધીનગર તા ૧૧

ચિલોડા નરોડા માર્ગને પહોળો કરવાની કામગીરી અન્વયે આ વિસ્તારમાંથી ૪૩૧૧ વૃક્ષોની કટોતી કરવામાં આવશે હાલ આ કાર્યયોજનાને અનુલક્ષી વૃક્ષો કાપવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે વૃક્ષોની કટોતી માટે માર્ગ મકાન વિભાગ દ્વારા વનતંત્રને રૂ ૯૪.૫૦ લાખનુ વળતર પણ ચુકવી દેવાયુ છે. આ માર્ગને સિક્સલેન બનાવવા માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.



ચિલોડા નરોડ માર્ગ પર વધતા ટ્રાફિકની અવરજવરને સરળ બનાવવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા આ માર્ગને સિક્સલેન બનાવાની કાર્યયોજનાનુ કામ હાથ ધરાયુ છે. આ માર્ગને સિક્સલેન બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. જયારે માર્ગ વાઈડનીંગને અનુલક્ષી રૂટમાં આવતા સેંકડો વૃક્ષોની પણ કટોતી કરવામાં આવશે. માર્ગ મકાન વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ આ માર્ગના વાઈડનીંગ માટે જંગલ કટીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ માર્ગના વાઈડનીંગ માટે ૪૩૧૧ વૃક્ષો કાપવામાં આવશે. હાલ વૃક્ષોની કટોતી શરૂ કરી દેવાઈ છે. જયારે માર્ગ મકાન વિભાગ દ્વારા આ માટે વન વિભાગને રૂ ૯૪.૫૦ લાખનુ વળતર ચુકવવામાં આવ્યુ છે. શહેરી વિસ્તારની સાથે જિલ્લાને જોડતા અન્ય માર્ગોના અપગ્રેડેશન માટે પણ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. પેથાપુર મહુડી માર્ગને પણ આગળ વિજાપુર સુધી લંબાવી પ્રવાસન પથ હેઠળ અપગ્રેડ કરાયો છે. જયારે ચિલોડા નરોડા માર્ગનુ કામ પણ ટુંકમાં જ શરૂ કરી દેવાશે. આ માર્ગ પહોળો થતા આ રૂટમાં માર્ગ સલામતીના પરિબળો અને રોડ સેફ્ટીની સાથે ટ્રાફિકની અવરજવર પણ સરળ બનશે.

ઘરકામ માટે કામવાળા બહેન જોઈએ છે
સેક્ટર-૨/બીમાં ઘરકામ માટે ફુલ ટાઈમ કામવાળા બહેન જોઈએ છે.
સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન રૂબરૂ મળવું.
પી. એચ. ગોહિલ
બ્લોક નં. ૪૨૫/૨, સેક્ટર-૨/બી, ગાંધીનગર.
મો. ૯૯૨૪૩ ૭૭૯૯૯

॥ જય હાટકેશ ॥
ઘરનું શુદ્ધ શાકાહારી ટીફીન સર્વિસ
સાત્વિક, સ્વાદિષ્ટ ઘરે બનાવેલું શાકાહારી, ગુજરાતી ભોજન
જાન્હવી ગૃહ ઉદ્યોગ
Call : 9924684206
9924684208
હોમ સર્વિસ ફ્રી
(ગાંધીનગર-કુડાસણ-સરગાસણ)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com